ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2325/04/2024** **તા.12-04-2024**

## સમગ્ર દેશ અને ગુજરાતમા કારમી હાળ ભાળી ગયેલ કોંગ્રેસ હવે તેની હતાશામા વિધાનસભાના અધ્યક્ષશ્રીના ગરીમામય પદને પણ નુકશાન પહોંચાડવા માટેના પ્રયત્ન કરી રહી છે. – યમલ વ્યાસ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રવકતા યમલભાઇ વ્યાસ એક અખબારી યાદીમા જણાવે છે કે, સમગ્ર દેશ અને ગુજરાતમા કારમી હાળ ભાળી ગયેલ કોંગ્રેસ હવે તેની હતાશામા વિધાનસભાના અધ્યક્ષશ્રીના ગરીમામય પદને પણ નુકશાન પહોંચાડવા માટેના પ્રયત્ન કરી રહી છે. છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસના એક ઉમેદવાર અને તેમના ટેકેદારો અધ્યક્ષશ્રીના પદની ગરીમા ન જળવાય તેવા અનેક વિધાનો જાહેરમા કરતા આવ્યા છે, આમ છતા વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી દ્વારા સંયમ જાળવવામાં આવ્યો છે અને આવા વિધાનોનો જવાબ પણ તેમણે નથી આપ્યો તથા **વિશેષાધિકાર ભંગની** નોટીસ આપવા લાયક હોવા છતા તેમણે તેમ કર્યુ નથી તે તેમની મહાનતા છે.

કોંગ્રેસે વિધાનસભા અધ્યક્ષશ્રી સામે ચૂંટણીપંચમા જે કાર્યક્રમ અંગે ફરિયાદ કરી છે તે કાર્યક્રમ પાર્ટીનો હતો જ નહી અને આ અંગેનો જવાબ ચૂંટણી પંચમા આપવામા આવશે. 1885મા એક અંગ્રેજ દ્વારા સ્થાપવામા આવેલ કોંગ્રેસ પાર્ટી હજી પણ ગુલામીની મનોદશામાથી બહાર આવી નથી. **“હાઉસ ઓફ કોમન્સ”**ની જે પ્રણાલી ભારતે ક્યારેય સ્વીકારી જ નથી તેનો ઉલ્લેખ કરી આ પ્રકારની ફરિયાદો કરી લોકોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરે છે. સત્ય એ છે કે કોંગ્રેસ રાજયની તમામ 26 બેઠકો પાંચ લાખથી વધુની માર્જીનથી હારવાની છે. લોકસભા ચૂંટણી માટે હજુ ફોર્મ ભરાયા નથી તે પહેલા કોંગ્રેસે હાર સ્વીકારી છે તેની આ સ્પષ્ટ સાબીતિ છે.

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**